# ઓફ લાઈન ટેન્ડર નં. ૦૩/૨૦૧૮-૧૯

## "ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રી, ફર્નીચર, કોમ્પ્યુટર તથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેનું ટેન્ડર."

### ટેન્ડરની શરતો

1. આ ટેન્ડર ફોર્મ તેમજ ભાવપત્રક ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ www.gujaratuniversity.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે.
2. ટેન્ડર ફી રૂ. 1,000/- અંકે રૂપિયા એક હજાર છે. જે પરત ન આપવાની શરતે "The Registrar, Gujarat University" અમદાવાદના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ ભરેલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. ટેન્ડર ફી ભર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે.
3. અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ. 50,000/- અંકે રૂપિયા પચાસ હજાર છે જે અંગેનો ડિમાન્ડ ડ્રાફ્ટ ભરેલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. EMD ભર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે.
4. ભરેલ ટેન્ડર જમા કરવાની છેલ્લી તા. 11/06/2018 સમય બપોરે 02:00 વાગ્યા સુધીમાં યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં 38 માં સ્વીકારવામાં આવશે મોડા આવેલ ટેન્ડર રદ ગણવામાં આવશે.
5. ટેન્ડર સીલ કરી આપવાના રહેશે. સીલ કર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે. ટેન્ડરના કવર ઉપર "ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રી, ફર્નીચર, કોમ્પ્યુટર તથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેના ભાવ" એમ સ્પષ્ટ મોટા અક્ષરે લખવાનું રહેશે.
6. સીલબંધ કવરમાં દરેક પાના ઉપર સહી કરેલ ટેન્ડર ફોર્મ, ભાવપત્રક, બાહેંધરી પત્રક, ટેન્ડર ફી અને EMD નો ડ્રાફ્ટ મુકવાનો રહેશે. ભાવપત્રક ભરનાર ઈજારદાર શ્રી નો ધંધો પ્રોપરાઈટર, પાર્ટનરશિપ, કંપની છે તેનો તથા ધંધાના સ્થળનું સરનામાનો આધાર પુરાવો આપવાનો રહેશે. PAN કાર્ડ રજૂ કરવાનું રહેશે.
7. ટેન્ડર ખોલવાની તારીખ 12/06/2018 સમય બપોરે 12:00 વાગ્યાનો રહેશે.

**ટેન્ડર ભરનારની સહી અને સિક્કો** | **રજીસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી**

8. ઓફરમાં મુકેલ માલસામાન શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસ સિવાય સવારે 10.30 થી સાંજે 5.30 સુધીમાં જોવા મળશે. તેમજ આ અંગે યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં 1 એસ્ટેટ વિભાગ ફોન નં. 263013333 અથવા GUSEC East Wing/ Workshop માઈક્રોબાયોલોજીની સામે, ફોન નં. 26303252 પર સંપર્ક કરવો.
9. માલસામાનના નિરિક્ષણ બાદ ભાવપત્રકમાં જે તે લોટનો ભાવ ભરવાનો રહેશે.
10. માલસામાન જ્યા છે ત્યા અને તે સ્થિતિમાં જ આપવામાં આવશે.
11. જે તે લોટમાં જે બિડરના ભાવ H1 હશે (લોટવાઈઝ) તેનું ટેન્ડર સ્વીકાર કરવામાં આવશે.
12. બધા લોટના ભાવ ભરવા ફરજિયાત નથી.
13. જે તે લોટનો ભાવ તમામ હિડન ખર્ચા સહિત ભરવાનો રહેશે.
14. માલસામાન ઉપાડવા માટે જરૂરી સાધનો તેમજ લેબર, વાહન તથા તેના ખર્ચ અંગેની જવાબદારી ટેન્ડરરની રહેશે.
15. જે ટેન્ડરરની ઓફર સ્વીકારવામાં આવશે. તેમની અથવા તેઓના જવાબદાર વ્યક્તિની હાજરીમાં તેમજ યુનિવર્સિટીના પ્રતિનિધિની હાજરીમાં તેમજ ઓફિસ સમય દરમ્યાન જ માલસામાન લોડ કરીને લઈ જવાનો રહેશે.
16. જે ટેન્ડરરનો ભાવ મંજૂર થાય અને જાણ કરવામાં આવે ત્યારથી 3 (ત્રણ) દિવસમાં પુરેપુરી રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવવાનો રહેશે. જો તેમ કરવામાં કસુર થશે તો ભાવ રદબાતલ ગણવામાં આવશે અને અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.
17. માલસામાનની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવ્યા બાદ 5(પાંચ) દિવસમાં તમામ માલસામાન ટેન્ડરરના ખર્ચે અને જોખમે ઉપાડી લેવાનો રહેશે. જો સમયસર માલસામાન ઉપાડવામાં નહી આવે તો વિલંબિત દિવસના રોજના રૂ. 500/- અંકે રૂપિયા પાંચસો મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે.
18. માલસામાન ઉપાડતી વખતે સંસ્થાની માલમિલ્કતને કોઈપણ પ્રકારનું નુકસાન થશે તો નુકસાની પેટેની રકમ EMDની રકમમાંથી વસુલ કરવામાં આવશે.
19. સરકારી નિયમાનુસાર જે તે તમામ ચુકવવા પાત્ર વેરા જે તે સરકારી વિભાગમાં જમા કરાવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.
20. ઉપરોક્ત માલસામાનમાં સ્માવિષ્ટ કોમ્પ્યુટર, પ્રિન્ટર, એ.સી., વોટરકુલર, ફ્રીજ, ઈન્સ્ટ્રુમેન્ટ વગેરે ચીજવસ્તુઓના આખરી નિકાલ વખતે નીકળતા ઈ-વેસ્ટ તેમજ અન્ય Toxic Substancesના આખરી નિકાલ માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ, સરકાર માન્ય એજન્સી દ્વારા સદર વસ્તુઓનો આખરી નિકાલ કરવાનો રહેશે તેમજ તે અંગેની સંપૂર્ણ જવાબદારી ટેન્ડરરની રહેશે. તેમજ આ અંગે બાહેધરી પત્ર આપવાનો રહેશે.
21. માલસામાન સંપૂર્ણપણે ઉપાડ્યા બાદ તે સ્થળે રહેલે ભંગારના કચરાની સફાઈ ટેન્ડરરે કરાવવાની રહેશે ત્યારબાદ જ તેઓની ડિપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
22. કોઈપણ ભાવ કે તમામ ભાવ મંજૂર કરવાના કે રદ કરવાના તમામ હક, યુનિવર્સિટીના કુલપતિશ્રીના રહેશે. જેના માટે કોઈપણ પ્રકારના કારણો દર્શાવવામાં આવશે નહી.

ઉપરોક્ત તમામ શરતો મે વાંચી છે સમજયો છું અને તે મને માન્ય છે. તેવી હું બાહેધરી આપું છું.

**ટેન્ડર ભરનારની સહી અને સિક્કો** **રજીસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી**

# <u>ઓફ લાઈન ટેન્ડર નં. ૦૩/૨૦૧૮-૧૯</u>

## "ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રી, ફર્નીચર, કોમ્પ્યુટર તથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેનું ટેન્ડર."

### <u>ભાવપત્રક</u>

| ક્રમ. | લોટ નં. | લોટમાં રહેલ સાધન સામગ્રી | લોટનું લોકેશન | જે તે લોટનો ભાવ રૂ. |
|---|---|---|---|---|
| ૧. | ૧.૧ થી ૧.૯ | લાકડાનું ફર્નિચર- ટેબલ, રેક, બેંચ, ખુરશી, બ્લેકબોર્ડ, દરવાજા, બારી વગેરે | ફિઝિક્સ વિભાગ પાસેના મેદાનમાં | |
| ૨. | ૨.૧ થી ૨.૭ | લોખંડનું ફર્નિચર- રેક, ફાઈલિંગ, કેબિનેટ કબાટ, ખુરશી, ગ્રિલો વગેરે | ફિઝિક્સ વિભાગ પાસેના મેદાનમાં | |
| ૩. | ૩.૧ થી ૩.૨ | ઈલેક્ટ્રિક આઈટમ- એ.સી, W.C, ફ્રિઝ, આર. ઓ વગેરે | ફિઝિક્સ વિભાગ પાસેના મેદાનમાં | |
| | ૩.૩ | સિલિંગ ફેન વગેરે | GUSEC East Wing માઈક્રોબાયોલોજીની સામે. | |
| ૪. | ૪.૧ થી ૪.૩ | ઈલેક્ટ્રોનિક્સ આઈટમ્સ- કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઈસ્ટ્રુમેન્ટ, ઈક્વિપમેંટ વિ. | ફિઝિક્સ વિભાગ પાસેના મેદાનમાં | |
| ૫. | ૫.૧ થી ૫.૭ | પરચુરણ સ્ક્રેપ, ગ્લાસ, બોટલ વિ.. | ફિઝિક્સ વિભાગ પાસેના મેદાનમાં | |
| ૬. | ૬ | લોખંડ, લાકડુ વિ. ચીજવસ્તુઓ | ચેન્જ રૂમ, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, સિન્થેટીક ટ્રેક પાસે | |

ટેન્ડરમાં મુકેલ તમામ શરતો અમે વાંચેલ છે જે અમોને માન્ય છે જે ધ્યાને લઈ બિનશરતી ભાવત્રકમાં ઓફર મુકેલ છે.

ટેન્ડર ભરનારની સહી અને સિક્કો

રજીસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી

# <u>બાહેધરી પત્રક</u>

પ્રતિ,

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ-૩૮૦ ૦૦૯.

મા. સાહેબશ્રી,

ગુજરાત યુનિવર્સિટીની જુની સાધનસામગ્રીના નિકાલ અંગેના માલસામાનમાં સ્માવિષ્ટ, એ.સી., વોટરકુલર, ફ્રીજ, કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઈન્સ્ટ્રુમેન્ટ વગેરે ચીજવસ્તુઓના આખરી નિકાલ વખતે નિકળતો ઈ-વેસ્ટ તેમજ અન્ય Toxic Substancesના આખરી નિકાલ માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ, સરકાર માન્ય એજન્સી દ્વારા સદર વસ્તુઓનો આખરી નિકાલ કરવાની હું બાહેધરી આપું છું. અને આ બાબતે કસુર થાય તો તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે.

ટેન્ડરરની સહીઃ- ......................................

સિક્કોઃ- ..................................................

મોબાઈલ નંબરઃ- ......................................

નામઃ- ......................................................

સરનામુંઃ- ................................................

ટેન્ડર ભરનારની સહી અને સિક્કો

રજીસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી